# વિપશ્યના

સાધકોનું માસિક પ્રેરણાપત્ર

બુદ્ધવર્ષ ૨૫૫૦ ❖ માર્ગશીર્ષ પૂર્ણિમા ❖ ૪ ડિસેમ્બર, ૨૦૦૬ ❖ વર્ષ - ૭ ❖ અંક - ૯ ❖ સળંગ અંક - ૮૧

## ધમ્મ વાણી

बुद्धम' धमेय्यं अनुस्सरं पसन्नो ।
धम्मम' धमेय्यं अनुस्सरं पसन्नो ।
संघम' धमेय्यं अनुस्सर पसन्नो
पीतिया फुट सरीरो होहिसि सततमु दग्गो ।

અસીમ અપ્રમેય બુધ્ધ, ધર્મ અને સંઘને યાદ કરીને પ્રસન્ન થઈ જાઓ. શરીરને પ્રીતિ પ્રમોદથી ભરી લો અને સદા ઉલ્લાસ ઉમંગમાં રહો.

## બુધ્ધ અને ધર્મ
### (૪)

જયારે કોઈ વ્યક્તિ બુધ્ધ થાય છે, જીવન મુકત થાય છે, પરમ પરિશુધ્ધ થાય છે તો ધર્મ શીખવે છે, બૌધ્ધ ધર્મ નહીં, બૌધ્ધ ધર્મ તો કેવળ બૌધ્ધોનો જ હશે ને? બરાબર એવી જ રીતે જેમ હિન્દુ ધર્મ કેવળ હિન્દુઓનો છે, જૈન ધર્મ કેવળ જૈનોનો, મુસ્લિમ ધર્મ કેવળ મુસલમાનોનો, ખ્રિસ્તી ધર્મ ખ્રિસ્તીઓનો, શીખ ધર્મ શીખોનો, પારસી ધર્મ પારસીઓનો, યહૂદી ધર્મ યહૂદીઓનો, ઈત્યાદિ. એમ જ બૌધ્ધ ધર્મ કેવળ બૌધ્ધોનો જ છે.

પરંતુ બુધ્ધનો ઉપદેશ તો બધાને માટે હોય છે. કેવળ બૌધ્ધોને માટે નહીં. તે (ઉપદેશ) મનુષ્ય મનુષ્યમાં ભેદભાવ નથી કરતો. બુધ્ધનો ઉપદેશ માનવ સમાજને નાત-જાતના, ઊંચ-નીચના વિભાજનોમાં વિભાજિત નથી કરતો જયાં નાત-જાતનો ભેદભાવ હોય તો તે (ઉપદેશ) એને તોડે છે. બુધ્ધનો ઉપદેશ મનુષ્યને અલગ અલગ સંપ્રદાયોના વાડામાં નથી બાંધતો. એ તો વિભિન્ન સંપ્રદાયોના વાડામાં બંધાએલા અને ગોવાળ જેવા નેતાઓ દ્વારા ઘેટાં બકરાંની જેમ હંકારાઈ જતા લોકોને આ બંધનોથી મુકત કરાવે છે. માણસને સ્વતંત્ર-સ્વાધીન બનાવે છે દરેકને પોતાના પગ ઉપર ઊભા રહેતાં શીખવે છે. પરાધીનતા તોડે છે. તે કોઈ એક સંપ્રદાય, સમાજ સુધી સીમિત નથી રહી શકતો.

કોઈ બુધ્ધ થાય છે, તો ધર્મ શીખવે છે જેને अप्पमाणो धम्मो એટલે કે અમિત, અસીમ ધર્મ કહે છે. એની સાથે बौद्ध વિશેષણ લગાડવું એ अप्पमाणो ને पमाणो બનાવી દેવાનું છે. અસીમને સસીમ બનાવી દેવાનું છે. ધર્મને સંપ્રદાયમાં બદલી દેવાનું છે. આવું કરશો તો ધર્મનું અવમૂલ્યન થઈ જશે. અપરિમિત ધર્મને પોતાની નૈસર્ગિક ઊંચાઈઓ પરથી ઊતારીને એને વામણો બનાવી દઈશું. એટલે કોઈ પણ બુધ્ધના ઉપદેશને 'ધર્મ' જ કહેવું સમુચિત છે. ''બૌધ્ધ ધર્મ'' નહીં.

કેમ કે બુધ્ધનો ઉપદેશ તો अप्पमाणो છે, અસીમ છે અપરિમિત છે. બુધ્ધનો ઉપદેશ છે.

૧. सब्ब पापस्स अकरणं સઘળાં પાપો ન કરો. એટલે કે એવા કામ ન કરો જે બીજાને પણ હાનિ પહોંચાડે અને પોતાનું મન પણ મેલું કરે અને પોતાનું અકુશળ (અમંગળ) કરે.

૨. कुसलस्स उपसम्पदा : કુશળ કર્મોને સંપાદિત કરો, એનો સંચય - સંગ્રહ કરો. એટલે કે એવાં કામ કરો જે બીજાંનું પણ ભલું કરે અને પોતાનું પણ કુશળ (મંગળ) કરે.

૩. सचित्तपरियोदपनं : પોતાના ચિત્તને ધોતાં રહો, શુધ્ધ કરતાં રહો એટલે કે રાગ, દ્વેષ અને મોહ તથા તજ્જનિત (એમાંથી પેદા થતાં) સઘળા વિકારોને દૂર કરતાં રહો.

આ ત્રણે ઉપદેશોમાં સંપ્રદાયની સીમા કયાંથી આવી ભલા? મનુષ્ય મનુષ્યના વિભાજનની સીમા કયાંથી આવી? આ ત્રણે ત્રણ સર્વજનીન ઉપદેશ છે. અકુશળ કર્મોથી બધાંએ બચવું જોઈએ, કેવળ કોઈ એક સંપ્રદાય કે જાતિની વ્યક્તિઓએ જ નહીં. એ જ રીતે કુશળ કર્મ બધાંએ કરવાં જોઈએ. ચિત્તના મેલ પણ બધાંએ ધોવા જોઈએ. (શીલ, સમાધિ અને પ્રજ્ઞાના આ ત્રણેય ઉપદેશ બધાંને માટે છે. એ અર્થમાં છે, अप्पमाणो છે. અપરિમિત છે, અસીમ છે. કોઈ સંપ્રદાય કે જાતિના વાડામાં બંધાએલો નથી.

અને આ ત્રણ તો બુધ્ધના ઉપદેશ છે, બુધ્ધનું શાસન છે.

एतं बुद्धान सासनं અને આ કોઈ એક બુધ્ધનો ઉપદેશ નથી. કોઈ બેનો નહિ; સોનો નહિ, બધા બુધ્ધોનો ઉપદેશ છે. બધા બુધ્ધોનું આ જ શાસન છે. કેવળ ગૌતમ સુધી સીમિત નથી. જે બોધિ પ્રાપ્ત કરી લે તે જ બુધ્ધ. કોઈ (પણ) બુધ્ધ થાય, આ જ સર્વજનીન ઉપદેશ દે છે. લોકોને આ જ સર્વજનીન ધર્મ શીખવે છે. એનો ઉપદેશ કોઈ સંપ્રદાય સુધી સીમિત નથી રહેતો. કોઈ નર, નારી, જાતિ, ગૌત્ર આદિના સમૂહ સુધી સીમિત નથી રહેતો. આ અર્થમાં (બુધ્ધનો ઉપદેશ) સદા સર્વજનીન હોય છે.

એ કોઈ ગામ, નગર, પ્રદેશ, દેશ અથવા કોઈ ભૂખંડ સુધી સીમિત નહિ રહે. આ અર્થમાં સાર્વદેશિક છે. સાર્વભૌમિક છે.

એ કદી પુરાણો નથી થતો, વાસી નથી થઈ જતો. સદા શાશ્વત બની રહે છે.

सतं च धम्मो न जरं उपेति-ભૂત, વર્તમાન અને ભવિષ્ય ત્રણે કાળમાં તાજગીભર્યો બની રહે છે. હર સમય ધારકને (ધારણ કરનારાઓને) એક સમાન સુફળ દે છે. આ અર્થમાં સાર્વકાલિક હોય છે... एस धम्मो सन्तनो

કોઈ બુધ્ધનો ધર્મ દેશ, કાળ કે વ્યક્તિની સીમામાં આબદ્ધ નથી થતો. આ અર્થમાં धम्म अप्पमाणो હોય છે.

સાધકો! કોઈ બુધ્ધ થાય છે તો સર્વજનીન ધર્મ જ શીખવે છે. એ કોઈ સંપ્રદાય સ્થાપિત નથી કરતો. જો કોઈ સંપ્રદાય સ્થાપિત કરે છે, તો સમજી લેવું જોઈએ કે એ વ્યક્તિ બુધ્ધ નથી, શુધ્ધ નથી, મુકત નથી. હજુ એનામાં કંઈક ખામી છે. હજુ સ્વયં પણ સસીમ છે. અસીમ નથી થઈ.

બુધ્ધ તો સ્વયં અસીમ હોય છે અપ્પમાણો બુધ્ધો કોઈ જાતિ, વર્ણ અથવા દેશ-પ્રદેશની સીમામાં બંધાતો નથી. એ બધાને હોય છે.

કોઈ અપ્પમાણો બુધ્ધ નો ઉપદેશ એટલે કે અપ્પમાણો ધમ્મો નું પાલન કરનારી વ્યક્તિ શીલ, સમાધિ અને પ્રજ્ઞાના માર્ગ પર ચાલતાં ચાલતાં પોતાના ચિત્તને શુધ્ધ કરે છે અને આ જ જીવનમાં બધા સસીમ લોકોની પાર અસીમ ઈન્દ્રિયાતીત પરમ નિર્વાણિક સત્યનો સાક્ષાત્કાર કરી લે છે. આવી કોઈ એક વ્યક્તિને પણ 'સંઘ' કહે છે. એવી વ્યક્તિઓના સમૂહને પણ 'સંઘ' કહે છે. આ બધા નિર્વાણદર્શી અર્હંત અપ્પમાણો હોય છે. એટલે સંઘ પણ અપ્પમાણો આવા નિર્મલચિત્ત સંઘને કોઈ જાતિ, વર્ણ, ગોત્ર કે સંપ્રદાયનો વાડો કેવી રીતે બાંધી શકે? જેમ ભિન્ન ભિન્ન નદી-નાળાં ગંગામાં ભળીને 'ગંગા' જ બની જાય છે, જેમ ગંગા, ગોદાવરી, કાવેરી, આદિ ભિન્ન ભિન્ન નદીઓ સમુદ્રમાં ભળીને સમુદ્ર જ બની જાય છે, જેમ ગુલાબ, ચમેલી, કદંબ, કમળ, આદિ ભિન્ન ભિન્ન ફૂલોમાંથી એકઠો કરેલો પરાગ એક રસ મધ જ બની જાય છે, એમ જ અપ્પમાણો ધર્મમાં સમાહિત વ્યક્તિ પોતાના જાતિ, ગોત્ર, વર્ણ, સંપ્રદાય બધું ખોઈ દે છે. અને સ્વયં અપ્પમાણો થઈ જાય છે. ધર્મ પણ અપ્પમાણો, ધર્મ શીખવનાર બુધ્ધ પણ અપ્પમાણો અને ધર્મના રસ્તે ચાલીને મુક્ત થયેલો સંત, અર્હંત, સંઘ પણ અપ્પમાણો ઓ ત્રણેય અપ્પમાણો છે, અસીમ છે, અપરિમિત છે. એને નથી કોઈ દેશકાળની સીમા, કે નથી કોઈ જાતિ, વર્ણ, ગોત્ર કે સંપ્રદાયની સીમા બાંધી શકતી.

સાધકો! આપણું સદ્ભાગ્ય છે કે શુધ્ધ, સર્વજનીન ધર્મ એક વાર પાછો જાગ્યો છે. એક વાર પાછો પૂર્વમાંથી સૂરજ ઉદય થયો છે. બધાને પ્રકાશ દેનારો બધાને જીવન દેનારો, બધાના મનનાં અંધારાં દૂર કરનારો ધર્મનો સૂરજ સાંપ્રદાયિક બેડીઓનો ભંગ કરનારો, નાત-જાતની દીવાલોને તોડનારો, કર્મકાંડના કઠેડામાંથી લોકોને બહાર કાઢનારો, કાલ્પનિક, દાર્શનિક માન્યતાઓની જંજાળમાંથી છુટકારો દેવડાવનારો મહામંગલમય ધર્મ, સર્વજનીન, સાર્વદેશિક, સાર્વકાલિક સનાતન ધર્મ.

આવો! એનું સ્વાગત કરીએ! એને ધારણ કરીએ! શુધ્ધ ધર્મના શાસનમાં અનુશાસિત થઈએ! પોતાનું મંગલ સાધી લઈએ.

❃ ❃ ❃

## બુધ્ધ અને ધર્મ
## (૫)

કોઈપણ બુધ્ધના ઉપદેશનું પહેલું ડગલું શીલ-સદાચારથી આરંભ થાય છે અને શીલનું પણ પહેલું ડગલું પાણાતિપાતા વેરમણી सिक्खापदं થી આરંભ થાય છે. પહેલું જ ઉપદેશપદ છે કે પ્રાણીનું પ્રાણહરણ કરવાના દુષ્કર્મથી વિરત રહો એટલે કે પ્રાણીહત્યાથી બચો. સર્વહિતકારી, સર્વજનીન ધર્મનું અહિંસામૂલક પહેલું ડગલું જ એટલું પ્રભાવશાળી છે કે એને જ પૂરી રીતે સમજીને પાલન કરી લઈએ તો સંપૂર્ણ ધર્મ પળાઈ જાય છે. સાચે જ, અહિંસા કોઈ પણ બુધ્ધના ઉપદેશનો પ્રાણ છે.

અહિંસાનો બહુ સ્થૂળ અર્થ છે - ''જાણીબૂઝીને કોઈ પ્રાણીનું હનન (હત્યા) ન કરવું'' આ બહુ સંક્ષિપ્ત અર્થ છે, જ્યાંથી કામ શરૂ કરાય છે.

धर्म समासतो अहिंसा वर्णयन्ति तथागता પરંતુ આ સમાસને એટલે કે સંક્ષિપ્તને જ સંપૂર્ણ માની લેશે તો સાધક ભટકવા લાગશે. બીજી બાજુ, આ પ્રારંભિક સંક્ષિપ્ત પગલું જ નહિ ઉપાડે તો ધર્મના ક્ષેત્રમાં અનાડી (अनरियो અર્થાત અનાર્ય) જ રહી જશે.

न तेन अरियो होवि येन पाणानि हिंसति ।
अहिंसा सब्ब पाणानं अरियो'ति पवुच्चति ।

કોઈપણ બુધ્ધના ઉપદેશમાં હિંસક જ અનાર્ય છે અને અહિંસક જ આર્ય.

અહિંસાનું પહેલું ડગલું ભરવાને માટે કાયિક સંવર (સંયમ) અનિવાર્ય છે.

अहिंसको ये मुनयो निच्चं कायेन संवुता એ મુનિઓ અહિંસક છે, જે નિત્ય કાયામાં સંવરશીલ (સંયમી) રહે છે. પરંતુ જો સમજદાર હશે તો પ્રાણીહિંસાથી વિરત રહેવાના આ પહેલા પગલા પર જ અટકીને નહિ રહે. એ ખૂબ સમજશે કે કેવળ પાણાતિપાત જ નહિ બલ્કે કાયા દ્વારા કરાએલું પ્રત્યેક કર્મ જે કોઈ પ્રાણીનું અહિત કરે છે, એને પીડિત કરે છે તે હિંસા જ છે. જેમકે, કોઈ અન્ય વ્યક્તિની વસ્તુ ચોરવી, લૂંટવી, છીનવી લેવી, આંચકી લેવી, અપનાવી લેવી એ હિંસા જ છે. શરીર દ્વારા કામસંબંધી મિથ્યા આચરણ (અર્થાત વ્યભિચાર) કરવું તે હિંસા જ છે, વાણી દ્વારા જૂઠ બોલીને કોઈને ઠગવું; કટુ, કડવી, નિંદા-ચુંગલીની વાણી બોલવી એ હિંસા જ છે. આજીવિકામાં પણ મિથ્યાચરણ છે તો હિંસા જ છે. જેમ કે ગૃહત્યાગી હોય અને પોતાના ગૃહસ્થ દાયકો (દાતાઓ) ને પોતાની સાચી ખોટી ઉપલબ્ધિઓનો મિથ્યા દેખાવ કરીને એમની પાસેથી લાભ-સત્કાર પ્રાપ્ત કરે તો હિંસા જ છે. ગૃહસ્થ છે તો પોતાના અન્નદાતા ગ્રાહકને ખાદ્યપદાર્થ, દવાઓ અથવા અન્ય ઉપભોક્તા-વસ્તુઓમાં ભેળસેળ કરીને અથવા તોલ-માપ આદિમાં કમી કરીને ઠગવો તે હિંસા જ છે. દુષ્કાળની તંગીના સમયે પોતાના ધન-બળ દ્વારા સંગ્રહ-સંચય કરી લેવો અને ધન-બળ દ્વારા સંગ્રહ-સંચય કરી લેવો અને પછી લોભને વશીભૂત થઈ ઊંચી કિંમતે વેચીને ઉપભોક્તાઓને પીડિત કરવા તે હિંસા જ છે.

આ પ્રકારની બધી કાયિક અને વાચિક હિંસાઓથી વિરત રહેવું એ કોઈ પણ બુધ્ધની અહિંસાનું આગલું મહત્ત્વપૂર્ણ ડગલું છે શરીર અને વાણીને સંયત કરીને, કોઈપણ પ્રાણીનું દિલ ન દુઃખવવું એ અહિંસા છે, કોઈનું અહિત અમંગલ ન કરવું એ અહિંસા છે. પરંતુ કોઈ વ્યક્તિ મનમાં પણ કોઈને પીડિત કરવાનો ભાવ જગાડે છે અને પરિણામતઃ કોઈ અન્યના પ્રતિ દૂષિત ચિત્તના તરંગો પ્રેષિત કરે (મોકલે) છે તો પણ હિંસા જ કરે છે. જ્યારે જ્યારે મનમાં હિંસાના ભાવો જગાડે છે ત્યારે પોતાની જાતને પીડિત જ કરે છે જે ચિત્તને મેલું કરીને પોતાનું અમંગળ કરે, પોતાની જાતને પીડા પહોંચાડે તે હિંસા જ કરે છે.

આનાથી બચવાને માટે ધ્યાન સાધનાનો આ માર્ગ છે જેથી મન પર પણ સંવર (સંયમ) થાય અને अविहिंसा वितर्क એટલે કે ચિંતન-મનન જનક હિંસાથી પણ વિમુક્ત થાય. આનું બુધ્ધના ઉપદેશમાં ગંભીર મહત્ત્વ છે. મનમાં ક્રોધ, દુર્ભાવના, ઈર્ષા, માત્સર્ય (અસૂયા), અભિમાન, આદિ વિકાર જગાડે છે. તો હિંસા જ કરે છે. એનાથી વિરત રહેવાને માટે મન પર સંવર કરે છે તો અહિંસા વધુ પુષ્ટ થાય છે. પરંતુ હજુ અંતર્મનનાં ઊંડાણમાં, ભવંગધારામાં અનેક જન્મોથી સૂતેલા, અનુશય વિકાર અકબંધ છે, તૃષ્ણા અકબંધ છે, ઉપાદાન (આસક્તિ) અકબંધ છે. ભીતરને ભીતર આસવનું (ચિત્તના મેલનું) વહેણ વહેતું રહે છે. તો એને દૂર કરવાને માટે વિપશ્યના સાધના દ્વારા એની ઉદીર્ણા-નિર્જરા કરીને, એનો ક્ષય

કોઈપણ બુધ્ધના ઉપદેશનું પહેલું ડગલું શીલ-સદાચારથી આરંભ થાય છે અને શીલનું પણ પહેલું ડગલું पाणातिपाता वेरमणी सिक्खापदं થી આરંભ થાય છે. પહેલું જ ઉપદેશપદ છે કે પ્રાણીનું પ્રાણહરણ કરવાના દુષ્કર્મથી વિરત રહો એટલે કે પ્રાણીહત્યાથી બચો. સર્વહિતકારી, સર્વજનીન ધર્મનું અહિંસામૂલક પહેલું ડગલું જ એટલું પ્રભાવશાળી છે કે એને જ પૂરી રીતે સમજીને પાલન કરી લઈએ તો સંપૂર્ણ ધર્મ પળાઈ જાય છે. સાચે જ, અહિંસા કોઈ પણ બુધ્ધના ઉપદેશનો પ્રાણ છે.

અહિંસાનો બહુ સ્થૂળ અર્થ છે - ''જાણીબૂઝીને કોઈ પ્રાણીનું હનન (હત્યા) ન કરવું'' આ બહુ સંક્ષિપ્ત અર્થ છે, જયાંથી કામ શરૂ કરાય છે.

धर्म समासतो अहिंसा वर्णयन्ति तथागता પરંતુ આ સમાસને એટલે કે સંક્ષિપ્તને જ સંપૂર્ણ માની લેશે તો સાધક ભટકવા લાગશે. બીજી બાજુ, આ પ્રારંભિક સંક્ષિપ્ત પગલું જ નહિ ઉપાડે તો ધર્મના ક્ષેત્રમાં અનાડી (अनरियो અર્થાત અનાર્ય) જ રહી જશે.

न तेन अरियो होवि येन पाणानि हिंसति ।
अहिंसा सब्ब पाणानं अरियो'ति पवुच्चति ।

કોઈપણ બુધ્ધના ઉપદેશમાં હિંસક જ અનાર્ય છે અને અહિંસક જ આર્ય.

અહિંસાનું પહેલું ડગલું ભરવાને માટે કાયિક સંવર (સંયમ) અનિવાર્ય છે.

अहिंसको ये मुनयो निच्चं कायेन संवुता એ મુનિઓ અહિંસક છે, જે નિત્ય કાયામાં સંવરશીલ (સંયમી) રહે છે. પરંતુ જો સમજદાર હશે તો પ્રાણીહિંસાથી વિરત રહેવાના આ પહેલા પગલા પર જ અટકીને નહિ રહે. એ ખૂબ સમજશે કે કેવળ पाणातिपात જ નહિ બલ્કે કાયા દ્વારા કરાએલું પ્રત્યેક કર્મ જે કોઈ પ્રાણીનું અહિત કરે છે, એને પીડિત કરે છે તે હિંસા જ છે. જેમકે, કોઈ અન્ય વ્યક્તિની વસ્તુ ચોરવી, લૂંટવી, છીનવી લેવી, આંચકી લેવી, અપનાવી લેવી એ હિંસા જ છે. શરીર દ્વારા કામસંબંધી મિથ્યા આચરણ (અર્થાત વ્યભિચાર) કરવું તે હિંસા જ છે, વાણી દ્વારા જૂઠ બોલીને કોઈને ઠગવું; કટુ, કડવી, નિંદા-ચુંગલીની વાણી બોલવી એ હિંસા જ છે. આજીવિકામાં પણ મિથ્યાચરણ છે તો હિંસા જ છે. જેમ કે ગૃહત્યાગી હોય અને પોતાના ગૃહસ્થ દાયકો (દાતાઓ) ને પોતાની સાચી ખોટી ઉપલબ્ધિઓનો મિથ્યા દેખાવ કરીને એમની પાસેથી લાભ-સત્કાર પ્રાપ્ત કરે તો હિંસા જ છે. ગૃહસ્થ છે તો પોતાના અન્નદાતા ગ્રાહકને ખાદ્યપદાર્થ, દવાઓ અથવા અન્ય ઉપભોકતા-વસ્તુઓમાં ભેળસેળ કરીને અથવા તોલ-માપ આદિમાં કમી કરીને ઠગવો તે હિંસા જ છે. દુષ્કાળની તંગીના સમયે પોતાના ધન-બળ દ્વારા સંગ્રહ-સંચય કરી લેવો અને ધન-બળ દ્વારા સંગ્રહ-સંચય કરી લેવો અને પછી લોભને

❋ ❋ ❋

## સાધકોના પ્રશ્નો – ગુરુજીના પ્રત્યુત્તર

પ્રશ્ન : વિપશ્યના સમાજની સમસ્યાઓ કેવી રીતે હલ કરે છે? સમાજ એ બીજું કંઈ નહિ પણ વ્યક્તિઓનો સમૂહ છે.

ઉત્તર : સમાજની સમસ્યાઓ હલ કરવા માટે, પહેલાં વ્યક્તિઓની સમસ્યાઓ હલ થવી જોઈએ. આપણને વિશ્વમાં શાંતિ જોઈએ છે, પણ વ્યક્તિની શાંતિ માટે આપણે કશું કરતા નથી. એ શક્ય કેવી રીતે બની શકશે? વિપશ્યના શક્ય બનાવે છે કે વ્યક્તિ કેવી રીતે શાંતિ અને સંવાદિતાનો અનુભવ કરી શકે. વ્યક્તિની સમસ્યાઓ ઉકેલવામાં વિપશ્યના મદદ કરે છે. આ રીતે (પછી) સમાજ શાંતિ અને સંવાદિતાનો અનુભવ કરવાનું શરૂ કરી દે છે; આ રીતે સમાજની સમસ્યાઓ ઉકેલવી - હલ થવી શરૂ થઈ જાય છે.

પ્રશ્ન : બીજાના સારા માટે ખોટું કરવું ખરાબ છે?

ઉત્તર : ચોક્કસ એ ખરાબ છે. નકારાત્મક કે ખોટું કામ પહેલાં તો તમારી પોતાની જ હાનિ કરવા લાગે છે. જયારે તમે તમારી પોતાની જ હાનિ કરતા હો, ત્યારે કોઈ બીજાને કયારેય મદદ કરી શકો નહીં. એક લંગડો માણસ, બીજા લંગડાને મદદ કરી શકે નહીં. પહેલા તમારે, તમારી જાતને જ તદુંરસ્ત બનાવવી જોઈએ, અને તો તમે જોશો કે બીજાને મદદ કરવી તમે શરૂ કરી દીધી.

પ્રશ્ન : તમે સમાજમાં ચાલતી ધાર્મિક વિધિઓ કે ક્રિયાકાંડોનો હમેશા બહિષ્કાર કરો છો. પણ આપણો આદર અને કૃતજ્ઞતા પ્રગટ કરવામાં ખોટું શું છે?

ઉત્તર : એમાં ખોટું કંઈજ નથી. આદર અને કૃતજ્ઞતા કંઈ ધાર્મિક વિધિઓ-ક્રિયાકાંડો નથી. ક્રિયાકાંડ તો ત્યારે બને છે જયારે તમે શું કરી રહયા છો, તેની તમને પોતાને સમજ નથી. તમે તો બીજા કોઈએ કહ્યું એટલે કરી રહ્યા છો. જો તમારી અંદર ઊંડાણથી તમને થતું હોય કે હું મારા માત-પિતાનો આદર કરી રહ્યો છું, કે અમુક દેવ, દેવીની પૂજા કરી રહ્યો છું, તો જાણો - તપાસ કરો કે એ દેવ-દેવીના ગુણો શા છે? શું હું તેમનામાં રહેલા ગુણોને મારામાં વિકાસ કરીને (ખરેખરી રીતે) એ દેવ કે દેવીનો આદર કરી રહ્યો છું? શું હું મારા માત-પિતામાં રહેલા સદ્‌ગુણોને મારામાં વિકસાવી - ખીલવી, તેમને સાચો આદર આપી રહ્યો છું? જો જવાબ હા' માં હોય, તો તમે આ કામ સમજણ પૂર્વક કરી રહ્યા છો, અને તે ક્રિયાકાંડ કે ધાર્મિક - વિધિઓ નથી. પણ તમે જો કંઈ યંત્રવત કરતા હો, તો એ ક્રિયા-કાંડ બને છે.

પ્રશ્ન : શું સમાજ પર એક-બીજાનાં કર્મોની અસર પડતી નથી?

ઉત્તર : જરૂર પડે છે. આપણે પોતે આપણી આસપાસના લોકોથી આપણી આસપાસના વાતાવરણથી પ્રભાવિત થતા રહીએ છીએ, અને આપણે પણ તેમને પ્રભાવિત કરતા રહીએ છીએ. દાખલા તરીકે, જો મોટી સંખ્યામાં લોકો હિંસાની તરફેણમાં હોય, તો યુધ્ધ અને વિનાશ થશે જ, જે અનેક લોકોને કષ્ટમાં મૂકી દેશે. પણ, જો લોકો - પોતાના મનને નિર્મળ કરવા લાગશે, તો યુધ્ધ અને વિનાશ થશે જ, જે અનેક લોકોને કષ્ટમાં મૂકી દેશે. પણ, જો લોકો - પોતાના મનને નિર્મળ કરવા લાગશે, તો યુધ્ધ થશે નહીં. સમસ્યાના મૂળ દરેક વ્યક્તિના મનની અંદર પડેલા છે, કારણ કે સમાજ વ્યકિતઓનો બનેલો છે. જો દરેક વ્યક્તિ બદલવાનું શરૂ કરી દે, તો પછી સમાજ પણ બદલવા લાગશે, અને તો યુધ્ધ અને

પ્રશ્ન : વિપશ્યના સમાજની સમસ્યાઓ કેવી રીતે હલ કરે છે? સમાજ એ બીજું કંઈ નહિ પણ વ્યક્તિઓનો સમૂહ છે.

ઉત્તર : સમાજની સમસ્યાઓ હલ કરવા માટે, પહેલાં વ્યક્તિઓની સમસ્યાઓ હલ થવી જોઈએ. આપણને વિશ્વમાં શાંતિ જોઈએ છે, પણ વ્યક્તિની શાંતિ માટે આપણે કશું કરતા નથી. એ શક્ય કેવી રીતે બની શકશે? વિપશ્યના શક્ય બનાવે છે કે વ્યક્તિ કેવી રીતે શાંતિ અને સંવાદિતાનો અનુભવ કરી શકે. વ્યક્તિની સમસ્યાઓ ઉકેલવામાં વિપશ્યના મદદ કરે છે. આ રીતે (પછી) સમાજ શાંતિ અને સંવાદિતાનો અનુભવ કરવાનું શરૂ કરી દે છે; આ રીતે સમાજની સમસ્યાઓ ઉકેલવી - હલ થવી શરૂ થઈ જાય છે.

પ્રશ્ન : બીજાના સારા માટે ખોટું કરવું ખરાબ છે?

## શિબિર કાર્યક્રમ

| | ધમ્મસિન્ધુ (બાડા) | ધમ્મકોટ (રાજકોટ) | ધમ્મપીઠ (અમદાવાદ) | ધમ્મદિવાકર (મહેસાણા) |
|---|---|---|---|---|
| દશ દિવસીય | 14/01 - 25/01<br>28/01 - 08/02<br>11/02 - 22/02 | 10/01 - 21/01<br>24/01 - 04/02<br>07/02 - 18/02 | 03/01 - 14/01<br>17/01 - 28/01<br>31/01 - 11/02 | 03/01 - 14/01<br>17/01 - 28/01<br>14/02 - 25/12 |
| સતિપટ્ઠાન | 03/11 - 11/11 | 09/03 - 17/03 | 03/11 - 11/11 | - |
| ૩ દિવસીય | - | - | - | - |
| ૨૦/૩૦ દિવસીય | - | - | - | - |
| ૧ દિવસીય | દર મહિનાના પહેલા રવિવારે | | | ચોથા રવિવારે |

### સુરેન્દ્રનગરના સાધકો માટે...

ધમ્મકોટ કેન્દ્ર પર બે શિબિરોનું આયોજન
તા. ૨૭-૧૨-૦૬ થી ૨૭-૧૨-૨૦૦૭
તા. ૧૦-૧૨-૦૬ થી ૨૧-૧૨-૨૦૦૭
બન્ને શિબિરો માટે સુરેન્દ્રનગરથી
ધમ્મકોટ બસની વ્યવસ્થા કરેલી છે.

### ભાવનગરના સાધકો માટે...

ધમ્મકોટ કેન્દ્ર પર શિબિરનું આયોજન
તા. ૨૭-૧૨-૨૦૦૬ થી ૭-૧૨-૨૦૦૭
ભાવનગર થી ધમ્મકોટ સ્પે. બસની વ્યવસ્થા કરેલી છે.

● **ધમ્મસિંધુ - માંડવી (કચ્છ)** : કચ્છ વિપશ્યના કેન્દ્ર, ગામ-બાડા, તા. માંડવી-૩૭૦૪૭૫. ફોન : ૦૨૮૩૪-૨૭૩૬૧૨, ૦૨૮૩૨-૨૫૨૧૮ ● **ધમ્મકોટ-રાજકોટ** : સૌરાષ્ટ્ર વિપશ્યના કેન્દ્ર, કોઠારિયા રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૨. ફોન : ૦૨૮૧-૨૭૮૨૦૪૦, ૯૩૨૭૯ ૨૩૫૪૦ ● **ધમ્મપીઠ - અમદાવાદ** : ગુર્જર વિપશ્યના કેન્દ્ર, ગામ : રનોડા, તા. ધોળકા, જિ.અમદાવાદ-૩૮૭૮૧૦ ફોન : ૦૨૭૧૪-૨૨૨૪૭૩, ૦૭૯-૨૨૧૭૧૧૭૮ ● **ધમ્મ દિવાકર - મહેસાણા** : ઉત્તર ગુજરાત વિપશ્યના કેન્દ્ર, ગામ : મિઠા તા. જિ. : મહેસાણા. ફોન : ૦૨૭૬૨-૨૭૨૮૦૦, ૨૫૪૬૩૪.

### દોહા ધરમના

શુદ્ધ ધરમ બાંધે નહીં, સમ્પ્રદાય કી બાત ।
ધરમ પંથ દે મૂકિત કા, ખોલે સભી કિવાડ ॥
બુદ્ધ ન પરિમિત હો સકે, ધરમ ન પરિમિત હોય ।
સંત ન પરિમિત હો સકે, સદા અપરિમિત હોય ॥
હો સજીવ, નિર્જીવ હો, સબ કુદરત આધીન ।
ઈસ કુદરત કો સમજ કર, કરે દુખોં કો ક્ષીણ ॥

**એક્સેલ ક્રોપકેર લિમિટેડ**
૬/૨ - રૂવાપરી રોડ, ભાવનગર - ૩૬૪ ૦૦૫
ફોન : ૨૨૧૨૪૦૧-૨-૩ની મંગલકામનાઓ સાથે

### દોહા ધરમના

સાચો નિરમલ ધરમ તો, બૌદ્ધ હુવૈ ના જૈન ।
જન જન મન પાવન કરૈ, ભરૈ અમિત સુખ ચૈન ॥
બાડાબન્દી હી કરૈ, સમ્પ્રદાય કો ઝૈર ।
મિનખ મિનખ મેહ ભેદ કર, ર યૈ બઢાતે બૈર ॥
જાત પાંત કી મદ પિયાં, ચઢજ્યા ઈસો ખુમાર ।
અપણો ભી અનહિત કરૈ, જન જન રો અપકાર

**ટ્રાન્સમેટલ લિમિટેડ**
૩૦૧-બી ટાવર, અલ્કાપુરી આર્કેડ, આર.સી.દત્ત રોડ,
વડોદરા-૩૯૦૦૦૭. ફોન : ૨૩૪૩૩૦૨/૦૪ની મંગોકામનાઓ સાથે

સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ) ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧. વતી પ્રકાશક : ચંદુભાઈ મહેતા, મુદ્રક : નાઇસ આર્ટ, 'મુક્તિરામ કોમ્પલેક્ષ'', રાષ્ટ્રીય શાળા મેઇન રોડ, રાજકોટ - ૩૬૦ ૦૦૨. દ્વારા રાજકોટ ખાતે પ્રકાશિત. તંત્રી : ભરત કાપડીઆ. વિપશ્યના (ગુજરાતી) પત્રિકાનું લવાજમ : ૩-એ, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે, માલવિયા ચોક, રાજકોટ - ૩૬૦ ૦૦૧ ના સરનામે, **સૌરાષ્ટ્ર વિપશ્યના સેન્ટર**ના નામે મ.ઓ./ડ્રાફ્ટ અથવા રોકડેથી મોકલી શકાશે. (બહારગામના ચેક લેવામાં આવશે નહીં.)
રાજકોટ સિટી ઓફીસ : ભાભા ડાઇનિંગ હોલ, પંચનાથ પ્લોટ, રાજકોટ - ૧.
વિપશ્યના ૪ ડિસેમ્બર, ૨૦૦૬
આ પત્રિકામાંની સામગ્રી વિપશ્યના વિશોધન વિન્યાસ, ઇગતપુરીના સૌજન્યથી તથા વિપશ્યના હિન્દી/અંગ્રેજી પત્રિકાઓના અંકોમાંથી પ્રકાશિત કરાય છે.

**ચાર વર્ષનું લવાજમ : રૂ. ૧૦૦/-**
**વાર્ષિક લવાજમ : રૂ. ૩૦/-**

'વિપશ્યના' Reg-No. GUJGUJ 08700/6/1/99-TC
Postal Reg. No. G-RJ-450
(Renewed upto 31.12.2008)

Posting day-25th of every month, Posted at Rajkot - 360 001.
Write PIN CODE for Correct Delivery

If undelivered please return to :
**સૌરાષ્ટ્ર વિપશ્યના રિસર્ચ સેન્ટર (પત્રિકા વિભાગ)**
3-A, પ્રમુખ સ્વામી આર્કેડ, પહેલા માળે,
માલવિયા ચોક, રાજકોટ. ફોન : ૨૨૩૩૧૯૦
સિટી ઓફિસ : ફોન - (૦૨૮૧) ૨૨૨૦૮૬૧-૮૬૬
મોબાઈલ : ૯૪૨૭૨ ૨૧૫૯૧
email : info@kota.dhamma.org
Web site : www.kota.dhamma.org